# આર્મી દ્વારા શહેરના વિદ્યાર્થીને ૩.૮૪ લાખના પેકેજની ઓફર

પારુલ ઇન્સ્ટિટયૂટ ખાતે ઇન્ટરવ્યૂ યોજાયા

ઇન્ડિયન આર્મી પ્રથમ વખત જોડાયું

૧.૮ લાખથી લઇને ૩.૮૪ લાખની ઓફર

**ભાસ્કર ન્યૂઝ. વડોદરા**

કેમ્પસ રિક્રૂટમેન્ટ ઇન્ટરવ્યુંમાં મિકેનિકલ શાખાના વિદ્યાર્થી મેહુલ અસનાનીની ઇન્ડિયન આર્મીએ રૂપિયા ૩.૮૪ લાખના મહત્તમ પેકેજ સાથે પસંદગી કરી હોવાની વિગતો બહાર આવી છે.

પારુલ ઇન્સ્ટિટ્યૂટ ખાતે યોજાયેલા કેમ્પસ ઇન્ટરવ્યૂમા ડિગ્રી અને ડિપ્લોમાના ૪૦૫ વિદ્યાર્થીઓને જોબ પ્લેસમેન્ટ મળ્યું હતું. જેમાં ડિગ્રી ઇજનેરીના ૧૩૬, ડિપ્લોમા ઇજનેરીના ૧૮૫, મેનેજમેન્ટના ૭૩ અને ફાર્મસીના ૧૧ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. ૪૦૫ વિદ્યાર્થીઓને ઇન્ડિયન આર્મી, એલ એન્ડ ટી, એસ્સાર ગ્રૂપ, વિપ્રો, હ્યુઝએશ કમ્યુનિકેશન, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, ટાટા મોટર્સ, સિમેન્સ, કિલોસ્કર ઓઇલ એન્જિનીસ, લ્યુપીન હેલ્થ અને વસુ હેલ્થ જેવી કંપનીઓએ કેમ્પસ ઇન્ટરવ્યુ દ્વારા ૧.૮૫ લાખ થી ૩.૮૪ લાખના પગારની ઓફર કરી છે.

૪૦૫ વિદ્યાર્થીઓને મળેલા પ્લેસમેન્ટ અંગે સંસ્થાના ચેરમેન ડૉ. જયેશ પટેલ અને ડૉ. દેવાંશુ પટેલે જણાવ્યું હતું કે, વૈશ્વિક મંદી વચ્ચે પણ પારુલ ઇન્સ્ટિટયૂટના ડિગ્રી ને ડિપ્લોના ૮૦ ટકા વિદ્યાર્થીઓને સારા પગારની જોબ ઓફર મળી છે. સંસ્થાએ વિદ્યાર્થીઓને પ્રવેશના પહેલા દિવસથી કમ્યૂનિકેશન સ્કિલ ડેવલોપ થાય અને ભણતર બાદ સીધી જ સારા પગારની નોકરી મળે તેવા પ્રયાસો હાથ ધર્યા છે.